બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૧

(સમય : સવારે ૯ થી ૧૧.૧૫) (રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯)

## (વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર, પંદરમી આવૃત્તિ - જુલાઈ, ૨૦૦૭)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને કયારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૧૨)**

☞ **નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➩ યોગી (ગોપાળયોગી) - નીલકંઠવર્ણીને (૧૭/૩૦)
➩ હિમાલયના જંગલોમાં ફરતાં નીલકંઠવર્ણી જ્યારે ગોપાળયોગી પાસે પહોંચ્યા ત્યારે ગોપાળયોગી કહે છે.

૨. ➩ નીલકંઠવર્ણી - અમીચંદને (૩૫/૬૮)
➩ નીલકંઠવર્ણીએ નીકળવાની તૈયારી કરતાં અમીચંદને કહ્યું તારી પાસેથી મારે સેવા લેવી છે તે ભવિષ્યમાં લઈશ ત્યારે અમીચંદે કહ્યું દેહનો શો ભરોસો ? ત્યારે કહે છે.

૩. ➩ શ્રીકૃષ્ણ ભગવાન (સ્વપ્નમાં) - રામાનંદ સ્વામીને (૪૧/૮૦)
➩ શ્રીકૃષ્ણનું ભજન અને રામાનુજની ભક્તિ કરતા હતાં તેથી ભગવાન શ્રીકૃષ્ણે પ્રસન્ન થઈને દર્શન દીધાં ત્યારે.

૪. ➩ રામાનંદ સ્વામી - મુસલમાન જમાદારને (૫૩/૧૦૫)
➩ સમાધિમાંથી જાગૃત થયેલા જમાદારે પ્રશ્ન પૂછતાં રામાનંદ સ્વામી કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ભગવાનદાસને નીલકંઠવર્ણીની ભગવાન તરીકે પ્રતીતિ થઈ. (૩૧/૬૦)

જ. નીલકંઠવર્ણીએ ભગવાનદાસને કહ્યું મારા પગનો કાંટો કાઢો. નીલકંઠવર્ણીના જમણા પગમાં ભગવાનદાસે નવ ચિહ્નો અને ડાબા પગમાં સાત ચિહ્નો જોયાં. ભગવાનદાસે પોતાનો પડછાયો જોયો ને નીલકંઠવર્ણીનો પડછાયો ન જોયો. આથી ભગવાનદાસને નીલકંઠવર્ણીની ભગવાન તરીકેની પ્રતીતિ થઈ અને નીલકંઠવર્ણીને વિનંતી કરીને પોતાના ઘેર લઈ ગયા.

૨. લાલજી સુથાર હોંશે હોંશે લોજપુરની વાટે ચાલ્યા. (૫૧/૧૦૧)

જ. લાલજી સુથાર રામાનંદ સ્વામીને મળવા ગયા અને રામાનંદ સ્વામીએ ઠપકો આપતાં નીલકંઠવર્ણીને રામકૃષ્ણ, દત્તાત્રેય, સર્વેથી મોટા તેમજ અવતારના અવતારી છે એવો મહિમા કહ્યો તેથી.

૩. તેલંગ દેશનો ધર્મિષ્ઠ રાજા રાક્ષસ બન્યો. (૨૯/૫૨)

જ. પોતાના રાજ્યના બે બ્રાહ્મણોનો ન્યાય તેણે શાસ્ત્રની રીત પ્રમાણે કર્યો. ત્યારે મુકુંદદેવે કહ્યું શાસ્ત્ર કરતાં કુળધર્મ અને રીતરિવાજ મહાન છે. તો તે પ્રમાણે ન્યાય આપો. રાજાએ શાસ્ત્ર વિરુદ્ધ ન્યાય આપવાની ના પાડી. તેથી મુકુંદદેવના શાપથી તે રાક્ષસ બન્યા.

**પ્ર.૩ નીચે આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

☞ **નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. બોચાસણમાં નીલકંઠવર્ણી (૩૬/૬૮)**

૧. બોચાસણ ગામના મુખી કાનદાસ પટેલે બ્રાહ્મણોની ચોરાસીમાં નીલકંઠવર્ણીને જમવા બોલાવ્યા.
૨. નીલકંઠવર્ણીને જમાડવા નાનીબા બ્રાહ્મણો પાસે લાડુ લેવા ગયા ત્યારે બ્રાહ્મણોએ લાડુ આપવાની ના પાડી.
૩. નીલકંઠવર્ણીના શબ્દમાં વિશ્વાસ રાખી નાનીમાએ બપોરે ભેંસ દોહી વર્ણીને દૂધ, ભાત ને સાકર જમાડ્યા.
૪. આપનું કુટુંબ મહાન ભાગ્યશાળી ભક્ત બની અમારી ભક્તિ કરશે તેવા આશીર્વાદ આપી નીલકંઠવર્ણી રામજી મંદિરમાં આવ્યા.
૫. લોકોએ ત્યાં જ રહેવાનું કહ્યું ત્યારે બાવાએ ના પાડી એટલે નીલકંઠવર્ણીએ કહ્યું 'અમારે માટે તો અહીંયા મોટું ધામ થશે.'

**૨. જાંબુવાનનું કલ્યાણ (૨૪/૪૩)**

૧. નીલકંઠવર્ણી, જયરામદાસ અને કૃષ્ણતંબોળી સરોવરમાં સહેલ કરીને સામે કિનારે જંગલમાં ગયા.
૨. જંગલમાં ખૂબ ઊંડાણમાં પહોંચ્યા, ત્યાં એક રીંછ નીલકંઠવર્ણી તરફ દોડી આવ્યું.
૩. નીલકંઠવર્ણીએ જ્યાં રીંછ તરફ દૃષ્ટિ કરી કે રીંછ શાંત થઈ નમીને નીલકંઠવર્ણીને નમન કર્યું.
૪. રીંછની આંખોમાંથી આસું પડવા લાગ્યા તે વખતે નીલકંઠવર્ણીએ તેને ઊભું કરીને આશીર્વાદ આપીને કહ્યું, 'હવે જાઓ.'
૫. જયરામદાસ અને કૃષ્ણતંબોળીને નીલકંઠવર્ણીએ જણાવ્યું કે આ રીંછ જાંબુવાન હતો. શ્રીકૃષ્ણના સમયથી મનમાં શંકા રહેવાથી ભટકતો હતો. આજે તેનું કલ્યાણ થયું.

**૩. નીલંકંઠવર્ણી તોતાદ્રિમાં (૩૩/૬૪)**

૧. તોતાદ્રિમાં રહી રામાનુજ સંપ્રદાયનાં ગ્રંથો સાંભળી, જાણી તેમની ઉપાસના તથા તેમનો મત સરળ અને સુંદર લાગવાથી નીલકંઠવર્ણી થોડો સમય ત્યાં રહ્યા.

૨. આ સંપ્રદાયમાં ધન અને વ્યસનનો ત્યાગ હતો પણ સ્ત્રીનો ત્યાગ ન હતો.

૩. સ્ત્રી, દ્રવ્ય અને રસ ત્યાગીને માટે બંધન કહ્યા છે. તેનાથી તો બ્રહ્માદિકને પણ બંધન થયા હતા.

૪. જિઅર સ્વામીને નીલકંઠવર્ણીની ત્યાગની વાત ન ગમતા છંછેડાઈ ગયા ને તાડૂકી ઊઠ્યા અને નીલકંઠવર્ણીને રજા આપ્યા પછી જ અન્નજળ લેવાની વાત કરી.

૫. ક્રોધ કરીને અકળાવવું એ ગુરુ કે શિષ્યનો ધર્મ નથી. થોડો ક્રોધ પણ મોક્ષ બગાડનારો છે. નીલકંઠવર્ણીએ આવું કહેતાં તેમને મઠમાંથી રજા આપી.

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. સૂતજીએ શૌનકાદિક ઋષિઓને નૈમિષારણ્યમાં ભાગવત સંભળાવ્યું. (૩/૬)

૨. લક્ષ્મણઝૂલામાં નીલકંઠવર્ણીએ લક્ષ્મણજીને રામચંદ્ર રૂપે દર્શન આપ્યાં. (૫/૧૦)

૩. મારુ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત અખંડ રહે અને જ્યારે જ્યારે તમારું સ્મરણ કરું ત્યારે તમારાં સાક્ષાત્ દર્શન થાય. (૧૪/૨૫)

૪. શિવ-પાર્વતીએ નીલકંઠવર્ણીને મીઠું અને સાથવો જમાડ્યો. (૩૨/૬૩)

૫. નીલકંઠવર્ણી આષાઢી સંવત ૧૮૫૬ની(વિક્રમ સંવત ૧૮૫૫) શ્રાવણ વદ છઠને દિવસે પ્રભાતે લોજ પધાર્યા. (૪૨/૮૪)
**(નોંધ :- પ્રશ્ન નં. ૫માં કોઈપણ એક સાલ લખી હોય તો પણ સાચું આપવું.)**

**પ્ર.૫ નીચે આપેલાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : - ફક્ત ખોટું જણાવેલ હોય તો ગુણ ન આપવો. નીચે સાચો જવાબ લખ્યો હોય તો જ ગુણ આપવો.**

**૧. ખોટું - ✗** (૯/૧૬) જ. નીલકંઠવર્ણીએ **બાંશીમાં** પોતાની વાણીને શાપ આપ્યો.

**૨. ખોટું - ✗** (૧૩/૨૩) જ. નીલકંઠવર્ણીને **હિમાલય દેવે** પુલહાશ્રમનો માર્ગ બતાવ્યો. **૩. ખરું - ✓** (૨૭/૪૮)

**૪. ખોટું - ✗** (૪૭/૯૩) જ. નીલકંઠવર્ણીએ **મુક્તાનંદ સ્વામીને** કહ્યું, ''આ જે દિવાલમાં છિદ્ર છે તે સાધુના ધર્મમાં એક દિવસ છિદ્ર જરૂર પડાવશે.'' **૫. ખરું - ✓**(૧૫/૨૭)

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. ભના પાઠકને (૩૯/૭૬) ૨. નરસિંહ મહેતા (૫૨/૧૦૩) ૩. મયારામ ભટ્ટ (૫૦/૯૮) ૪. શ્રીપુર (૬/૧૨)

**(વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૧, નવમી આવૃત્તિ - ઑગસ્ટ, ૨૦૦૬)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૧૨)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ , કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➯ ભગતજી - જેઠાભાઈને (૭/૪૫)
➯ ભગતજી મળે તો દર્દ ઓછું થાય તેવા સંકલ્પ સાથે જેઠાભાઈ માંદગીમાં પણ એકલા ચાલીને ભગતજીના ઘરે ગયા ત્યારે.

૨. ➯ કશિયાભાઈ - જોબનપગીને (૫/૩૬)
➯ જોબનનું પરિવર્તન જોઈ આશ્ચર્ય પામેલા કશિયાભાઈ કુતૂહલતાથી જોબન પગીને બોલાવીને પૂછે છે.

૩. ➯ જીવુબા - સાસુ રાઈબાને (૬/૪૦)
➯ આ દેહે કરીને ભગવાનની ભક્તિ કરવાની દૃઢ ઈચ્છાવાળા જીવુબાએ સાસુ રાઈબાનો સરળ સ્વભાવ જોઈ મનની વાત કરતાં કહે છે.

૪. ➯ મહારાજ - મુક્તાનંદ સ્વામીને (૪/૩૦)
➯ ઈચ્છારામભાઈ ધામમાં ગયા ત્યારે મહારાજે ખભો આપ્યો ન હતો અને ઝીણાભાઈની નનામી મહારાજે ઉપાડી. એટલે આ વાતનો ખુલાસો મુક્તાનંદ સ્વામીએ પૂછયો ત્યારે મહારાજ કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. દેવાનંદ સ્વામીના કીર્તનો ''ચાબખા'' તરીકે પ્રસિદ્ધ છે. (૨/૧૪)

જ. સાદી ભાષામાં સચોટ ઉપદેશ તેમના કાવ્યોમાં વર્ણવેલો છે. સંસારની અસારતા સમજાવી પ્રભુ તરફ વાળવાની દૃષ્ટિ અને ઠપકો પણ હોવાથી તેમનાં કીર્તનો 'ચાબખા' તરીકે પ્રસિદ્ધ છે.

૨. ઝીણાભાઈએ અદીબા સાથે અબોલા લીધા. (૪/૨૮)

જ. કમળશી ભક્ત માટે ઝીણાભાઈએ તીખાં માગ્યાં ત્યારે અદીબાએ કહ્યું ઘરમાં નથી અને ઝીણાભાઈ માટે તીખાં વાટીને લાવ્યાં ત્યારે ઝીણાભાઈને રીસ ચઢી ને તીખાંનો વાટકો ફેંકી દઈને અદીબા સાથે અબોલા લીધા.

૩. શ્રીજીમહારાજે શુકમુનિને સુખડીના દાતણ કરાવ્યાં. (૩/૧૯)

જ. મહારાજ પાસે રાત્રે પત્ર લેખનની સેવા કરતા સવાર થઈ ગઈ. બધા સંતો ઘેલે નાહીને વહેલા પરવારી ગયા હતા. હવે

પોતાની જોડમાં કોણ આવશે તેવી શુકમુનિની મુંઝવણ જોઈ મહારાજે તેમને સુખડી આપી કહ્યું આજે સુખડીનું દાતણ કરો. તેથી શુકમુનિ નાહ્યા વગર સુખડી જમ્યા.

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલ અંક કોઈપણ રીતે આપેલા હોય તો સાચું આપવું.**

**વિષય :- સાધુ યજ્ઞપ્રિયદાસ (૮/૫૩ થી ૫૯)** જ. ૧, ૨, ૪, ૬, ૯

**પ્ર.૧૦ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)** **☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વરતાલમાં 'હરિકૃષ્ણ' નામથી પધરાવી. (૧/૬)
૨. ડભાણિયો આંબો, ડભાણિયો બળદ અને ડભાણિયા શુકમુનિને શ્રીજીમહારાજ વખાણતા. (૩/૨૦)
૩. શાસ્ત્રીજી મહારાજે જેઠાભાઈને અક્ષર-પુરુષોત્તમનો સિદ્ધાંત 'વચનામૃત' ગ્રંથમાંથી પુરવાર કરી બતાવ્યો. (૭/૪૩)
૪. જીવુબાનાં બીજાં ત્રણ નામ મોટીબા, પૂનમતિબા અને જયાબા હતા. (૬/૪૦)
૫. શ્રીજીમહારાજે સંવત ૧૮૬૬ના પોષ માસમાં ડભાણમાં યજ્ઞ કર્યો. (૫/૩૪)

**(વિભાગ - ૩ : નિબંધ)**

**પ્ર.૧૧ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણા પાસા આવરી શકાય છે. જેવાં કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. બીજાના સુખમાં આપણું સુખ - પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવના :** ૧. દરેક વ્યક્તિની જીવનભાવના જુદી જુદી - કોઈની કુંટુંબનું હિત કરવાની ભાવના - સમાજનું, જ્ઞાતિનું, રાષ્ટ્રનું હિત કરવાની ભાવના. ૨. પ્રમુખસ્વામી મહારાજની જીવનભાવના કેટલી નિરાળી, અજોડ - અદ્વિતીય - 'બીજાના સુખમાં આપણું સુખ' - દરેક વ્યક્તિ સુખની શોધમાં - પ્રસંગો - દૃષ્ટાંતો. ૩. કદાચ કોઈ વ્યક્તિ પોતે સુખી હોવાનો દાવો કરે પણ તેનું સુખ તે સાચું છે ? અને શાશ્વત છે ? સાચું સુખ, શાશ્વત સુખ શું છે ? પ્રસંગો, દૃષ્ટાંતો. ૪. જગતની, સમાજની રીતે સુખી જણાય છે તે સાચી રીતે સુખી છે ? જો સુખી હોય તો મોટા કવિઓ, કલાકારો, ચિત્રકારો, ધનિક લોકો વગેરે આત્મહત્યા શા માટે કરે ? ૫. માટે જ પ્રમુખસ્વામી સાચા અને શાશ્વત સુખનો સરળ ઉપાય બતાવે છે 'બીજાના સુખમાં આપણું સુખ' બીજાને સુખી કરવા એટલે કુટુંબની વ્યક્તિઓ સુખી તો આપણે સુખી - આગળ વધતાં સમાજ સુખી તો આપણે સુખી (પ્રસંગો) બીજાને સુખ આપીએ તો આપણને સુખ મળે - સારી વસ્તુ બીજાને આપીએ તો આપણને સારી વસ્તુ મળે (પ્રસંગો મોટા સંતોના) ૬. આમ, સ્વામીશ્રીની ભાવના કેવી સુંદર ! 'આખું વિશ્વ સુખી થાય તેવી ભાવના' - જો દરેક વ્યક્તિ સ્વામીશ્રીની આ જીવન ભાવના અપનાવે તો ? - ઉપસંહાર.

**૨. નીલકંઠની નિર્ભયતા :** ૧. 'નિર્ભયતા' શબ્દ વાંચતાની સાથે, સાંભળતાંની સાથે જ નાનકડા નીલકંઠવર્ણીની યાદ આવી જાય, નિર્ભયતા શબ્દનો પર્યાય એટલે કે નીલકંઠવર્ણી. ૨. બાળવયથી નિર્ભય - અસુરોની સામે નિર્ભયતા - (પ્રસંગો) ૩. નીલકંઠ નામ ધારણ કરીને વનમાં વિચરવું - જંગલી જાનવરો - કાળા ભયંકર ઝેરી નાગ - અસુરોની વચ્ચે નિર્ભયપણે વિચરણ - નીલકંઠની નિર્ભયતા નિહાળીને ભયંકર સિંહ, વાઘ, રીંછ પણ તેમની આગળ ગરીબ ગાય જેવા બનીને બેસી જાય. (પ્રસંગો) ૪. ભયંકર ત્રાસ ઉપજાવે તેવા બાવાઓ, તાંત્રિકો, સિદ્ધો સામે પણ સહેજે ડર્યા વગર તપમાં, ધ્યાનમાં તલ્લીન નીલકંઠની નિર્ભયતા અદ્વિતીય. ૫. ગમે તેવા પ્રલોભનો સામે નીડરતાથી સ્પષ્ટ રીતે પોતાનો હેતુ જણાવી દે - મોટા રાજાઓ કે સિદ્ધોની સાથે પણ સ્પષ્ટવક્તા. ૬. આમ, નીલકંઠની નિર્ભયતા એટલે મનથી નિર્ભયતા દેહે કરીને અને સ્પષ્ટ ઉપદેશ - વાણીની નિર્ભયતા - ઉપસંહાર.

**૩. કરો ધૂન...! યોગીજી મહારાજે આપ્યો પ્રાર્થનાનો નાતો :** ૧. પ્રાર્થના એટલે સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે ધૂન - એકાગ્રતાથી દરેક કાર્યની સફળતા માટે યોગીજી મહારાજની જાયન્ટ ધૂન. ૨. કાયમી સ્મૃતિ - કાર્યભાર ઠાકોરજી પર મૂકી કાર્ય પૂરૂં ન થાય ત્યાં સુધી ધૂન રૂપી પ્રાર્થના ચાલુ. ૩. કેટલીક સ્મૃતિઓ - પ્રસાદીના સ્થાનોમાં ધૂન - લક્ષ્મીવાડી, કારિયાણીના પ્રસાદીના ઓરડાની સુરક્ષિતા, છપૈયા રેલ્વે સ્ટેશન, યમુના કાંઠે શિખરબદ્ધ મંદિર, હકાબાપુનો પ્રસંગ, સાધુ વધો, સત્સંગી વધો, સેવા વધો - હું તેનો નજરે જોનારો સાક્ષી છું - પરંપરા પ્રમુખસ્વામીએ પણ જાળવી.